# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૨ ❖ અષાઢ પૂર્ણિમા ❖ ૧૮ જૂલાઈ ૨૦૦૮ ❖ વર્ષ - ૯ ❖ અંક - ૪ ❖ સળંગ અંક - ૧૦૦


## ધમ્મવાણી

चिरं तिट्ठतु सद्धम्मो, धम्मे होन्तु सगारेवा ।
सब्बेपि सत्ता कालेन सम्मा देवो पवस्सतु ॥

ચિરકાળ માટે સદ્ધર્મ સ્થાપિત હો. ધર્મ ગૌરવપૂર્ણ હો. પર્જન્ય (વાદળ) સમય પર સહ પ્રાણીઓ પર મેહ (જળ) વરસાવે.

## જાઓ ધર્મદૂતો ! ધર્મ પ્રચારણ માટે વિચરણ કરો

જે સદ્ધર્મ છે એટલે કે જે સત્ય પર આધારિત ધર્મ છે, તે સ્વાક્ખાતો એટલે સારી રીતે આખ્યાત કરાએલો છે, સમજાવાયો છે. તેમાં કોઈ ગૂંચવણ કે ભૂલભૂલામણી નથી. સ્પષ્ટ છે તેથી સદ્ધર્મ છે. સદ્ધર્મ सन्दिट्ठिको એટલે પ્રત્યક્ષ સચ્ચાઈ પર આધારિત છે તેના પાલન કરવાનું ફળ પણ अकालिको છે અર્થાત્ હમણાં અહીં જ મળવા લાગે છે. જે તેનો જરાક પણ રસ ચાખી લે છે, તેનાથી રહેવાતું નથી, બીજાઓને કહેવા લાગે છે, एहिपस्सिको એટલે કે આવો, તમે પણ ચાખીને જુઓ. જો, આ કઈ રીતે ओपनेय्यिको એટલે કદમ કદમ દુઃખ મુક્તિ તરફ લઈ જાય છે पच्चत्तं वेदितब्बो विञ्ञूहि એટલે પ્રત્યેક સમજદાર વ્યક્તિને માટે સ્વયં અનુભવ કરવા યોગ્ય છે.

એક સામાન્ય સાધક પણ સ્વયં ચાખીને બીજાને एहिपस्सिको ‘‘આવો, જુઓ ! ’’ ના પોકાર કરવા લાગે છે. અહીં તો ૬૦ વિપશ્યી અરહંતો છે.જે શીખ્યું છે તેને પોતાના સુધી સીમિત શી રીતે રાખી શકે ? માનસમાં લોકહિતની પ્રબળ ભાવના જાગવા લાગી. ભગવાન પણ એમ જ ઈચ્છતા હતા. ઋષિપત્તન મૃગદાવમાં પહેલો વર્ષાવાસ પૂરો કરીને અશ્વિની શરદપૂર્ણિમાના દિવસે ભગવાને આ ૬૦ ધર્મદૂત અરહંતોને પ્રોત્સાહિત કર્યા કે તેઓ સદ્ધર્મ પ્રચારણ માટે વિચરણ કરે. चरथ भिक्खवे, चारिकं, बहुजनहिताय बहुजन सुखाय.

દુ :ખિયારાંની સંખ્યા બહુ મોટી છે. ધર્મપ્રચારણનું ક્ષેત્ર બહુ મોટું છે. તેથી એવી રીતે ચારિકા કરો અધિકમાં અધિક લોકો સાથે ધર્મસંપર્ક થઈ શકે, અધિકમાં અધિક લોકોનું હિત સધાય,તેમને સુખ પ્રાપ્ત થાય. લોકો પર અનુકંપા કરીને ધર્મચારિકા કરો, ધર્મ વહેંચો જેથી દેવો અને મનુષ્યોનું, એટલે કે રાજાઓ અને પ્રજાઓનું હિતસુખ સધાય.

ધ્યાન રાખશો કે અધિકમાં અધિક લોકો લાભાન્વિત થાય આ નિમિત્તે અલગ -અલગ એકલાં ચારિકા કરે કોઈ પથ પર એકી સાથે બે ધર્મદૂત ન જાય. मा एकेन द्वे अगमित्थ પ્રત્યેક ધર્મદૂત અલગ પથ પર એકલો જાય, જેથી અધિક જનોનો સંપર્ક થાય અને તેમને ધર્મ મળી શકે.

બહુજનોને ધર્મ સમજાવો. કેવળ શબ્દોમાં જ નહી, બલ્કે સ્પષ્ટ રીતે અર્થોમાં સમજાવો. सात्थं सब्यञ्जनं. કેવળ ઉપદેશો દ્વારા સૈદ્ધાંતિક રૂપમાં જ નહિ, બલ્કે આ બ્રહ્મચરણને એટલે કે ધર્માચરણને પોતાના જીવનમાં ઉતારીને તેના ક્રિયાત્મક રૂપને પ્રકાશિત કરો. ब्रह्मचरियं पकासेथ ।

સર્વજનીન ધર્મનો ઉપદેશ આપો જે બધાંનો છે, કોઈ સંપ્રદાયવિશેષનો નથી. તેથી તેને ‘ધર્મ’ કહ્યો,‘બૌદ્ધધર્મ’ નહીં. સર્વજનીન ધર્મ પણ એવો જે આદિમાં કલ્યાણકારી, મધ્યમાં કલ્યાણકારી અને અંતમાં કલ્યાણકારી છે. એટલે કે શીલમાં કલ્યાણકારી, સમાધિમાં કલ્યાણકારી અને પ્રજ્ઞામાં કલ્યાણકારી છે.

જે કોઈ વ્યકિત શીલમાં પરિપકવ થાય, તેની સમાધિ મહાફળદાયિની હોય છે. જે સમાધિમાં પરિપકવ થાય તેની પ્રજ્ઞા મહાફળદાયિની હોય છે જે પ્રજ્ઞામા સ્થિત થઈને સ્થિતપ્રજ્ઞ થઇ જાય છે, તે સર્વથા દૂઃખમુકત થઈ જાય છે, ભવમુકત થઈ જાય છે; મુક્તિનું આ ફળ કોઈ સંપ્રદાય વિશેષના લોકો સુધી સીમિત નથી, બલ્કે બધાંને માટે છે.

શીલ-સમાધિ-પ્રજ્ઞાનો આ આર્ય આષ્ટાંગિક માર્ગીય વિપશ્યના-ધર્મ સર્વથા પરિપૂર્ણ છે. તેમાં કશું જોડવાની આવશ્યકતા નથી, જોડવાથી દૂષિત થઇ જશે, મલીન થઈ જશે. આ ધર્મ સર્વથા પરિશુદ્ધ છે. અશુદ્ધ માનીને તેમાંથી કશું કાઢી નાખવાથી એ ક્ષીણ થઇ જશે, દુર્બળ થઇ જશે.

આ સમજાવતાં ભગવાને કહ્યું -ભિક્ષુઓ ! लोकानुकम्पाय, લોકો પર અનુંકંપા કરીને, બહુજનોના હિતને માટે, બહુજનોનાં સુખને માટે વિચરણ કરો

वरो वरञ्ञू वरदोवराहरो अनुत्तरो धम्मवरं अदेयसि (खुद्दकपाठ ६, रतनसुत्त – १४)

શ્રેષ્ઠને જાણનાર, દેનાર, લાવનાર શ્રેષ્ઠ બુદ્ધે અનુત્તર ધર્મનો ઉપદેશ આપ્યો.

# સજગતા અને સમતા કેળવો

**પ્રશ્ન : ૧ ઘણી સંવેદનાઓ નથી તો સુખદ હોતી કે નથી તો દુઃખદ, તેથી આપણે તેના પ્રત્યે રાગ કે દ્વેષ કરતાં નથી હોતાં. (છતાંયે) એવી સંવેદનાઓ આપણે શા માટે જોવી જોઈએ ?**

**ગોયન્કાજી :** બહુ સરસ પ્રશ્ન ! સંવેદનાઓ ત્રણ પ્રકારની હોય છે : સુખદ, દુઃખદ અને અસુખદ-અદુઃખદ. સામાન્ય રીતે વ્યક્તિ સુખદ સંવેદના પ્રત્યે રાગ અને દુઃખદ સંવેદના પ્રત્યે દ્વેષ કરે છે. તો પછી અસુખદ-અદુઃખદ સંવેદનાનું શું છે ? તમારે આ અસુખદ-અદુઃખદ સંવેદના ધ્યાનપૂર્વક જોવાની છે જેથી તમે તેના અનિત્ય સ્વભાવને સમજી શકો. જો તમે તેના અનિત્ય સ્વભાવને સમજી શકો, જો તમે સત્ય સાથે છો, તો તમારું મન એટલું તીક્ષ્ણ બની જશે કે તમે રાગ, દ્વેષ કે મોહ પેદા નહિ કરો. તેથી આ અસુખદ-અદુઃખદ સંવેદનાઓનો પણ ઉપયોગ કરો અને સમજતાં રહો કે એ સંવેદનાઓનો સ્વભાવ પણ બદલતા રહેવાનો છે.

**પ્રશ્ન : ૨ વિપશ્યના કરતાં કરતાં ક્યારેક મારું મન ખૂબ ભટકવા લાગે છે. આ પરિસ્થિતિમાં હું આનાપાન કરી શકું ?**

**ગોયન્કાજી :** હા, આનાપાન કરવી જોઈએ. મન જ્યારે ખૂબ ભટકતું હોય છે ત્યારે વિપશ્યના કરવી મુશ્કેલ હોય છે. તેથી જ્યારે જ્યારે તમારું મન ખૂબ વ્યાકુળ હોય, જિદ્દી હોય અને કામ કરવા જ ન માંગતું હોય ત્યારે ત્યારે તમારે આનાપાન કરવાનું શરૂ કરી દેવું જોઈએ. થોડીવાર આનાપાન કર્યા પછી જ્યારે મન શાંત થઈ જાય પછી ફરીથી વિપશ્યના કરી શકાય. જો તમારું મન બહુ અશાંત હોય તો તમે થોડીવાર આનાપાન કરીને પછી વિપશ્યના અને આનાપાન બંને સાથે કરી શકો. એક શ્વાસ સાથે શરીરના એક ભાગની સંવેદના જાણો, અને પછીના શ્વાસ સાથે શરીરના પછીના ભાગની સંવેદના જાણો. શ્વાસોચ્છવાસની સાથે સંવેદનાને જાણો. પછી મન ઓછું ભટકશે કેમ કે તમે તેને ધ્યાનમાં બે આલંબન આપી દીધાં હોય છે.

શક્ય હોય ત્યાં સુધી મનના ઊંડાણમાંથી વિકારોનો ક્ષય કરવા માટે વિપશ્યના જ કરો. પણ જો તમારું મન સંવેદના જોઈ જ ન શકતું હોય તો આનાપાન કરો. આપણે આપણા શત્રુઓનો સામનો કરવામાં વિપશ્યનાનો પ્રયોગ કરવાનો હોય છે. આનાપાન આપણને આપણા હથિયારોની ધાર કાઢવામાં સહાયક હોય છે જેથી આ શત્રુઓ સામે વધુ સારી રીતે લડી શકીએ.

**પ્રશ્ન : ૩ આપણને શરીરના જુદા જુદા ભાગમાં જુદી જુદી સંવેદના શા માટે મળે છે ?**

**ગોયન્કાજી :** સંવેદનાનું કોઈ એક કારણ નથી હોતું, ઘણાં કારણ હોય છે. વાતાવરણને લીધે, ઈજા કે રોગને લીધે, એક બેઠકમાં લાંબો સમય બેસી રહેવાને લીધે, ભોજનને લીધે અથવા જૂના કર્મ સંસ્કારોને લીધે સંવેદનાઓ થતી હોય છે. કારણ કયું છે તે મહત્ત્વનું નથી. સંવેદના ભલે ગમે તેવી હોય, આપણે તેને જાણીએ અને સમતામાં સ્થિત રહીએ. વિકારોને લીધે સંવેદના થતી હોય તો પણ અનેક પ્રકારના વિકારો હોય છે તેથી ક્યા વિકારને લીધે કઈ સંવેદના થઈ તે જાણવું શક્ય નથી. તેથી તમારે આના ઊંડાણમાં ન જવું જોઈએ.

ઉદાહરણ તરીકે આપણે કોઈ મેલું કપડું ધોવાનું હોય તો આપણે પાણી અને સાબુ લઈને એના પર સાબુ ઘસીએ છીએ. એ જાણવાની જરૂર નથી હોતી કે કપડું ક્યાં, ક્યારે અને કઈ રીતે મેલું થયું. કપડું મેલું છે, આપણા હાથમાં સાબુ છે, બસ આપણે કપડું સાફ કરવાનું છે. એ જ રીતે આપણને વિપશ્યનાની વિધિ આવડી ગઈ. સંવેદનાનું ગમે તે કારણ હોય કે સંવેદના ગમે તે પ્રકારની હોય, આપણે તેને જાણવાની છે અને તેના અનિત્ય સ્વભાવને સમજવાનો છે.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર "ધમ્મકોટ" રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર "ધમ્મસિંધુ" બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર "ધમ્મપીઠ" અમદાવાદ. | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર - "ધમ્મ દિવાકર" મીઠા, મહેસાણા. |
|---|---|---|---|
| C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. | C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫ | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ -૩૮૭ ૮૧૦ | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૧૮ શ્રધ્ધા કોમ્પ્લેક્ષ, મ્યુનિસિપલ ઓફિસની સામે, મહેસાણા (ઉ.ગુ.)-૩૮૪૦૦૧. |
| (0281) 2220861-866 (0281) 2221384, 9427221591 | (02834) 273303, 273612, 94277 67444 | (02714) 294690, 94264 19397 | (02762) 244744, (R) 253315 |

**૨૦૦૮/૦૯ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી**

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર |
|---|---|---|---|
| 28-07-08 to 08-08-08 | 29-07-08 to 09-08-08 | 30-07-08 to 10-08-08 | 30-07-08 to 10-08-08 |
| 16-08-08 to 27-08-08 | 12-08-08 to 23-08-08 | 20-08-08 to 31-08-08 | 03-09-08 to 14-09-08 |
| 19-09-08 to 30-09-08 | 26-08-08 to 06-09-08 | 17-09-08 to 28-09-08 | 09-10-08 to 20-10-08 |
| 05-10-08 to 16-10-08 | 07-09-08 to 18-09-08 | 26-10-08 to 06-11-08 | 31-10-08 to 10-11-08 |
| 17-10-08 to 28-10-08 | 18-09-08 to 29-09-08 | 12-11-08 to 23-11-08 | 26-11-08 to 07-12-08 |
| 28-10-08 to 08-11-08 | 08-10-08 to 19-10-08 | 26-11-08 to 07-12-08 | 17-12-08 to 28-12-08 |
| 12-11-08 to 23-11-08 | 22-10-08 to 02-11-08 | 17-12-08 to 28-12-08 | **: સંપર્ક :** |
| 26-11-08 to 07-12-08 | 24-12-08 to 04-01-09 | | હિંમતભાઈ પટેલ |
| 17-12-08 to 28-12-08 | 08-01-09 to 19-01-09 | | (૦૨૭૬૭) ૨૪૪૬૫૬ |
| 31-12-08 to 11-01-09 | 30-01-09 to 10-02-09 | | મો.: ૯૪૨૫૬ ૦૦૭૫૫ |
| 15-01-09 to 26-01-09 | 13-02-09 to 24-02-09 | | 06-09-08 to 17-09-08 |
| 04-02-09 to 15-02-09 | 27-02-09 to 10-03-09 | | 02-11-08 to 13-11-08 |
| 18-02-09 to 01-03-09 | | | |
| 04-03-09 to 15-03-09 | | | |
| 18-03-09 to 29-03-09 | | | |

**ફક્ત જૂના સાધકો માટે સતિપટ્ઠાન શિબિરો**

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર |
|---|---|---|---|
| 14-11-08 to 22-11-08 | 14-08-08 to 22-08-08 | | 20-09-08 to 28-09-08 |
| 06-03-09 to 14-03-09 | 19-01-09 to 27-01-09 | | |
| | 08-04-09 to 16-04-09 | | |

**ફક્ત જૂના સાધકો માટે લઘુ શિબિરો (બે/ત્રણ દિવસ)**

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર |
|---|---|---|---|
| | | 15-08-08 to 17-08-08 | 24-08-07 to 26-08-07 |
| | | 06-09-08 to 08-09-08 | 07-09-07 to 09-09-07 |
| | | 12-12-08 to 14-12-08 | 26-10-07 to 28-10-07 |

**ગંભીર સાધકો માટે ૧૦ - ૨૦ -૩૦ દિવસીય શિબિર**

(૧૦ દિવસ)
20-08-08 to 31-08-08 ધમ્મદિવાકર
27-08-08 to 07-09-08 ધમ્મકોટ
08-10-08 to 19-10-08 ધમ્મસિંધુ
04-02-09 to 15-02-09 ધમ્મકોટ

(૨૦ દિવસ)
27-08-08 to 17-09-08 ધમ્મકોટ
07-01-09 to 28-01-09 ધમ્મસિંધુ
18-03-09 to 08-04-09 ધમ્મસિંધુ

(૩૦ દિવસ)
05-11-08 to 06-12-08 ધમ્મસિંધુ
18-03-09 to 18-04-09 ધમ્મસિંધુ

(૪૫ દિવસ)
05-11-08 to 21-12-08 ધમ્મસિંધુ

**ફક્ત જૂના સાધકો માટે એક દિવસીય શિબિર**

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર |
|---|---|---|---|
| દર મહિનાના બીજા રવિવારે કેન્દ્ર ઉપર દર મહિનાના પહેલાં અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## વિપશ્યના પત્રિકાના સરનામામાં પરિવર્તન

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**

સિટી ઓફિસ ખાતે ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડના સરનામે બદલાવેલ છે. પત્રિકાનું લવાજમ તેમ જ સંલગ્ન બાબતની જાણ નવા સરનામા પર કરશોજી.

## રાજકોટ સામુહિક સાધના એડ્રેસમાં ફેરફાર

દર મંગળવારે સવારે ૭-૩૦ થી ૮-૩૦
પ્રભાત કોમ્પ્લેક્ષ-૨, ૧૦મા માળે, શ્રોફ રોડ, રાજકોટ.

## સૌરાષ્ટ્રના સાધકોનું સંમેલન

**ધમ્મકોટ સેમિનાર - જૂના વિપશ્યી સાધકો - ટ્રસ્ટી - ધમ્મસેવક/સેવિકા માટે તા. ૯/૧૦ ઓગષ્ટ - ૨૦૦૮**

**તા. ૯/૮/૦૮ સવારે ૯ વાગ્યાથી તા. ૧૦/૮/૦૮ સાંજે ૫ વાગ્યા સુધી**

**સંમેલનમાં ચર્ચા કરવાના મુદ્દા :-**

- ધર્મ-પ્રસાર - ધમ્મસેવા
- બાળ આનાપાન શિબિરનું આયોજન
- જુના સાધકો માટે ૧ દિવસીય શિબિર તથા સામૂહિક સાધનાનું આયોજન
- ૩૦ હજારથી વધુ વસ્તી વાળા શહેરોમાંથી ત્યાંના જુના સાધકો દ્વારા પ્રોત્સાહિત કરી સ્પેશ્યલ બસ દ્વારા સાધક ભાઈ-બહેનોને ધમ્મકોટ કેન્દ્ર ઉપર શિબિરમાં લાવવા માટેનું આયોજન. (હાલમાં જેતપુર, જુનાગઢ, ધોરાજી, ઉપલેટા, પોરબંદર, જામનગર, વિરમગામ, સુરેન્દ્રનગર, ભાવનગર, ઉના તથા દિવ ના સાધકો આ રીતે લાભ લઈ ચુક્યા છે.)
- કેબલ માધ્યમ દ્વારા ગુરુજીના પ્રવચનોનું પ્રસારણ કરવા બાબત.
- આપના વિસ્તારમાં પીટીસી/બીએડ્. કોલેજના શિક્ષકો/ વ્યવસ્થાપકો વિપશ્યના શિબિરમાં આવે તેવા પ્રયત્નો કરવા.

**જે સાધક ભાઈ-બ્હેનો ધમ્મસેવામાં/ધમ્મ પ્રસારમાં જોડાયેલા છે તેમ જ જોડાવાની ઈચ્છા ધરાવે છે, તેઓએ સિટી ઓફિસ/ધમ્મકોટ કેન્દ્ર પર નામ લખાવવા વિનંતી.**

**-: સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર સિટી ઓફિસ રાજકોટ :-**
C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ-૧.
Ph. : (0281) 2220861-866, 2221384, M. : 9427221591

**-: સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર :- 'ધમ્મકોટ',**
ખોખડદળ ગામ પછી, કોઠારિયા રોડ, રાજકોટ - ૨.
Ph. : (0281) 2782040, M. : 9327923540

---

**પાલિ કાર્યશાળા**

મહેસાણા ખાતે તા. ૧/૧૧/૦૮ થી ૯/૧૧/૦૮ સુધી પાલિ ભાષાની કાર્યશાળા રાખેલ છે. વધુ માહિતી માટે સંપર્ક કરો.

-: ઉપેન્દ્રભાઈ કે. પટેલ :- ૧૨, શ્રદ્ધા કોમ્પ્લેક્ષ, મ્યુનિસિપલ ઓફિસની સામે, મહેસાણા (ઉ.ગુ.) પીન-૩૮૪૦૦૧ ફોન : ૦૨૭૬૨-૨૪૪૭૪૪ E-mail : upendrakpatel@rediffmail.com

પાલિ કાર્યશાળાના સંચાલન માટે માનનીય શ્રી એસ.એન. ટંડનજી દિલ્હીથી આવવાના છે.

---

## દોહા ધરમના

બાહર ભીતર એક રસ, સરલ સ્વચ્છ વ્યવહાર;
કથની કરની એક સી, યહી ધર્મ કા સાર.
અપને મનકી કુટિલતા, અપને હી સિર ભાર;
અપને મન કી સરલતા, અપના હી સુખ સાર.
જબ તક મન મેં કુટિલતા, તબ તક મન બેચૈન;
જબ આવે મન સરલતા, તબ પાવે સુખ ચૈન.

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

## દોહા ધરમના

સહજ સરલ મૃદુ નીર સા, મન નિર્મલ હો જાય;
ત્યાગે કુલિસ કઠોરતા, ગાંઠ ન બંધને પાય.
મન હી દુર્જન મન સુજન, મન બૈરી મન મીત;
જીવન છાએ શાંતિ સુખ, જબ મન સરલ પુનીત.
નહીં બુદ્ધ સે રાગ હૈ, નહીં અન્ય સે દ્વેષ;
સરલ સહજ દેખું જહાં, જાગે પ્રીતિ અશેષ.

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

**વિપશ્યના ૧૮ જૂલાઈ, ૨૦૦૮** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧.
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org